# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે 2024-25નું અંદાજપત્ર સંસદમાં રજૂ કર્યું.
- ત્રણ કરોડ આવાસો બંધાશે, ટોચની 500 કંપનીઓમાં બે કરોડ 10 લાખ યુવાનોને ઇન્ટર્નશીપ પર રખાશે. કર્મચારી ભવિષ્ય નીધિમાં પહેલીવાર નોંધણી કરાવનારને ત્રણ હપ્તામાં કુલ 15 હજાર રૂપિયા સરકાર આપશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અન્ય મહાનુભાવો, વેપાર-ઉદ્યોગ મહાસંઘે અંદાજપત્રની પ્રશંસા કરી. વિપક્ષોએ અંદાજપત્રની ટીકા કરી.
- રાજ્યમાં ચાંદીપુરા વાઇરસને કાબુમાં લેવા કરાઇ રહેલી સઘન કામગીરી
- સર્વોચ્ચ અદાલતે નીટ-યુજી સમગ્ર પરીક્ષા ફરી લેવાનો આદેશ આપવાનો ઇન્કાર કર્યો.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્રના અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કર્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET – NIRMALA SITARAMAN-1

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું હતું. એનડીએ સરકારની ત્રીજી મુદતનું પ્રથમ બજેટ રજૂ કરતા નાણા મંત્રીએ જણાવ્યું કે, વિક્સિત ભારતનો સંકલ્પ સાકાર કરવા કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ખેતીની ઉત્પાદકતા વધારવા, યુવાનોમાં રોજગારી અને કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ, સામાજિક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઊર્જા સલામતી, સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે.

લોકસભામાં બજેટ રજૂ કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે, અનેક વૈશ્વિક અવરોધો છતાં ભારતીય અર્થતંત્રને નોંધપાત્ર દેખાવ કર્યો છે અને આગામી વર્ષોમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતુ અર્થતંત્ર બનશે.

પ્રથમ નોકરી કરનાર કર્મચારી માટે નવી સ્કીમ જાહેર કરવામાં આવી છે, જેમાં સરકાર એક લાખ રૂપિયા સુધીની માસિક આવક ધરાવનાર કર્મચારીને ત્રણ હપ્તામાં રૂપિયા 15 હજાર સુધીનો માસિક પગાર જમા કરશે. આ યોજનાનો લાભ બે કરોડ યુવાનોને થશે.

દેશની પાંચ સો કંપનીઓમાં પાંચ કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રાખવામા આવશે, જેમાં પાંચ હજાર રૂપિયા ભથ્થુ અને છ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

પગારદાર કરદાતાઓને રાહતમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન પચાસ હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

ફેમિલી પેન્શનર્સ માટેનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ 15 હજાર રૂપિયાથી વધારીને 25 હજાર કરવામાં આવ્યું છે.

# BUDGET – NIRMALA SITARAMAN-2

નવી કર પ્રણાલિ માટે કર માળખું સુધારવામાં આવ્યું છે, જેમાં રૂપિયા ત્રણ લાખ સુધીની આવક પર કોઈ વેરો નહીં લાગે.

આગામી બે વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવામાં આવશે.

સોના અને ચાંદી પરની કસ્ટમ્સ ડ્યુટી ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પરની ડ્યુટી 6.4 ટકા કરવામાં આવી છે.

પીએમ આવાસ યોજના 2.0 હેઠળ એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારો માટે આવાસ બનાવવા 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

બજેટમાં સુક્ષ્મ લઘુ, અને મધ્યમ એકમો- એમએસએમઇ અને ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખ રૂપિયાથી વધારીને 20 લાખ રૂપિયા કરવામા આવી છે. ખેડૂતો માટેની સહાય જાહેર કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે, જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી આપવામાં આવશે અને પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે.

------------------

# UNION BUDGET PRATIKRIYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, 2024-2025નું કેન્દ્રીય અંદાજપત્ર વિકસિત ભારત માટે છે, તે સમાવેશી વિકાસ, સમાજના દરેક વર્ગને લાભકારી નીવડશે અને વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત કરશે. અંદાજપત્ર પરનો પ્રતિભાવ આપતાં તેમણે ઉમેર્યું હતું કે, સરકારે રોજગાર સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના જાહેર કરી છે, જે દેશમાં કરોડો નવી નોકરીઓનું સર્જન કરશે.

કૃષિ ક્ષેત્ર, ખાસ કરીને પ્રાકૃતિક કૃષિને અગ્રતા આપવા બદલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બજેટની પ્રશંસા કરી હતી.

આ અંદાજપત્ર અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત માટે જે નવ પ્રાથમિકતા નક્કી કરી છે. તેને સર્વગ્રાહી વેગ આપતું આ બજેટ છે. આ અંગે વધુ માહિતી આપતા મુખ્યમંત્રીશ્રીએ આ મુજબ જણાવ્યું....

**(બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આ અંદાજપત્રને નિરાશાજનક જણાવતા આ મુજબ પ્રતિક્રિયા આપી....

**(બાઇટ- શક્તિસિંહ ગોહિલ - રાજ્યસભા સાંસદ)**

રાજ્યના  સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ સહિત વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારોએ બજેટને વ્યાપક આવકાર આપ્યો છે... ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટીટ્યૂટ ના પ્રમુખ દિનેશ નાવડીયાએ  જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્ર માટે બજેટમાં કરાયેલી જાહેરાતોને બિરદાવી હતી.

(બાઈટ - દિનેશ નાવડીયા, - ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટીટ્યૂટ ના પ્રમુખ)

------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## CHANDIPURA VIRUS CASES

રાજ્યમાં હાલમાં ચાંદીપુરાના શંકાસ્પદ 88 કેસ છે. આમાંથી કુલ 22 કેસ પોઝિટિવ આવ્યા છે. સત્તાવાર યાદી મુજબ, આ પૈકી સૌથી વધુ 11 કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. રાજ્યમાં ચાંદીપુરા શંકાસ્પદ વાઈરસના કારણે અત્યાર સુધી 36 દર્દીના મોત નીપજ્યા છે. જ્યારે 46 દર્દી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાજ્યમાં આરોગ્યની ટુકડીઓ દ્વારા 22 હજાર 17 ઘરમાં દેખરેખની કામગીરી કરવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસને લઈ આરોગ્ય વિભાગ દ્વારા સરવેની કામગીરી કરવામાં આવી રહી છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડ તાલુકામાં આવેલા મોરઈ ગામમાં એક બાળકમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણ દેખાતા તેને સામાન્ય હૉસ્પિટલમાં

દાખલ કરાયા હતા. આ સાથે જિલ્લામાં ચાંદીપુરા વાઈરસને ફેલાવતો અટકાવવા આરોગ્ય વિભાગ સક્રિય થઈ ગયું છે.

------------------

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે પૂર્વ સ્નાતક પ્રવેશ પરીક્ષા- નીટ યુજી 2024 પરીક્ષા પ્રશ્નપત્ર ફૂટી જવાના અને ગેરરીતીઓના આધારે રદ કરવાનો ઇન્કાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે આજે આ ચૂકાદો આપ્યો.

અદાલતે કહ્યું હતું કે, સમગ્ર પરીક્ષાની પવિત્રતાને અસર કરતાં હોય તે રીતે પેપર ફૂટ્યું હોય તેવા કોઇ નિર્દોષ કે પૂરાવા મળ્યા નથી. સમગ્ર પરીક્ષા ફરી લેવાના આદેશથી 23 લાખ જેટલા વિદ્યાર્થીઓ પર ગંભીર અસરો પડશે અને શૈક્ષણિક સત્રનું સમયપત્ર ખોરવાશે. પરિણામે આગામી વર્ષોના શિક્ષણ ઉપર પણ બહુગામી અસર પડશે. તેથી સમગ્ર પરીક્ષા રદ કરી શકાય નહીં.

------------------

## એક અગત્યની જાહેરાત

સંસદમાં આજે રજૂ થયેલા અંદાજપત્ર અંગે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સવા નવ વાગ્યે વિશેષ ચર્ચા પ્રસારિત કરાશે. વરિષ્ઠ પત્રકાર જયવંત પંડ્યા અને પ્રાદેશિક

સમાચાર વિભાગના અનિલ પટેલ આ ચર્ચામાં ભાગ લેશે. આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી તેમજ વિવિધ ભારતીના 96.7 એફ એમ પરથી આ કાર્યક્રમ સાંભળી શકાશે. તો અચૂક સાંભળશો.. આજના અંદાજપત્ર અંગેની વિશેષ ચર્ચા આજે રાત્રે સવા નવ વાગે...

અગત્યની જાહેરાત પૂરી થઈ

-----------------

## Rain - DISTIRCT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ શ્રી પટેલે જિલ્લાના અધિકારો પાસેથી પરિસ્થિતિનો તાગ મેળવવા બેઠક યોજી હતી.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસી રહેલા વરસાદનું જોર આજે ઘટ્યું છે. દ્વારકાના ખંભાળિયા તાલુકામાં એક મકાન ધરાશાયી થતાં બે થી ત્રણ લોકો દબાયા હોવાની આશંકાને પગલે એનડીઆરએફની ટીમે બચાવકાર્ય હાથ ધર્યું છે.

તાપી જિલ્લામાં વ્યારા શહેરમાંથી પસાર થતી મીંઢોળા નદી બે કાંઠે વહેતી થઇ હતી. જિલ્લામાં સતત વરસાદી માહોલને કારણે વ્યારા, વાલોડ અને ડોલવણ તાલુકાના કુલ 11 માર્ગ બંધ થયા હતા. ગ્રામીણ વિસ્તારના લો લેવલ પુલો પાણીમાં ગરકાવ થતાં ગ્રામજનો ની સમસ્યા વધી.

સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં વરસાદને કારણે ચોમાસુ પાક ખાસ કરીને મગફળી, કપાસ સહિતના પાકોને થયેલ નુકસાની અને જમીન ધોવાણનો તાત્કાલિક

સર્વે કરાવીને સહાય ચુકવવા તેમજ ઘરોમાં પાણી આવેલ પરીવારોને તાત્કાલિક કેશ ડોલ્સ ચુકવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા માંગ કરવામાં આવી.

સુરતમાં સરથાણા વિસ્તારની આદર્શ હોસ્ટેલમા ખાડીપુરના પાણી ભરાવાના કારણે 45 જેટલા વિદ્યાર્થીઓને ફાયર વિભાગ દ્વારા બોટની મદદ થી બચાવી લેવાયાં

ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે ડાંગ જિલ્લા પંચાયત હસ્તકનો એક માર્ગ, કોઝ-વે પાણીમાં ગરકાવ થતાં ખાતળ ફાટકથી ઘોડી રોડ અવરોધાયો હતો. અમદાવાદ શહેરમાં પણ લાંબા સમય બાદ વરસાદે હાજરી આપી છે.

-------------------------

# WEATHER

રાજ્યમાં આજે 154 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી સાંજે ચાર વાગ્યા દરમિયાન 154 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધારે છ ઈંચ વરસાદ દેવભૂમિદ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં નોંધાયો હતો. જ્યારે કચ્છના માંડવીમાં સાડા પાંચ ઇંચ, જામનગરના જોડિયા તાલુકામાં સવા પાંચ ઈંચ વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે, આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં, સૌરાષ્ટ્રમાં રાજકોટ, પોરબંદર, જુનાગઢ, દ્વારકા, ગીર સોમનાથ, તેમજ કચ્છમાં કેટલાંક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, મોરબી, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરાં જિલ્લામાં છુટાછવાયાં સ્થળોએ

વરસાદની શક્યતા છે. આ સાથે જ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં તેમજ પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.

------------------